# ૨૨ સપ્ટેમ્બર –૨૦૧૬ (ગુરૂવાર)

**(૧) રેલવે બજેટ-૨૦૧૭ થી સામાન્ય બજેટમાં ભળી જશે :**

- આગામી વર્ષથી રેલવે બજેટ અલગથી રજૂ નહીં થાય
- આર્થિક ક્ષેત્રે મહત્વનો સુધારો કરતાં ભારત સરકારે રેલવે અને સામાન્ય બજેટ અલગ-અલગ રજુ કરવાની ૯૨ વર્ષ જૂની બ્રિટિશ પ્રથાનો અંત લાવી દીધો.
- આ ઉપરાંત આગામી વર્ષથી ફેબ્રુઆરીના અંતના બદલે પહેલી ફેબ્રુઆરીએ સામાન્ય બજેટ રજૂ કરવા કેન્દ્ર સરકાર વિચારણા કરશે.
- ૧૯૨૪માં ૧૦ સભ્યોની અક્વર્થ સમિતિની ભલામણો પર પહેલીવાર રેલવે બજેટ રજૂ થયું હતું.
- આઝાદ ભારતનું પ્રથમ રેલવે બજેટ જહોન મથાઇએ રજૂ કર્યું હતું.
- સળંગ સાત રેલવે બજેટ રજૂ કરવાનો રેકોર્ડ બાબુ જગજીવનરામના નામે છે તથા લાલુપ્રસાદ યાદવ ૬ બજેટ સાથે બીજા ક્રમે છે.
- વર્ષ ૨૦૦૨માં રેલવે બજેટ રજૂ કરનાર એકમાત્ર મહિલા રેલવેપ્રધાન મમતા બેનરજી
- ૨૪ માર્ચ ૧૯૯૪ના રોજ રેલવે બજેટનું પહેલીવાર સીધું પ્રસારણ
- ૨૦૧૬માં રેલવે રજૂ કરનાર સુરેશ પ્રભુ છેલ્લા રેલવે પ્રધાન બનશે.
- ભારતના બંધારણમાં રેલવે બજેટનો કોઇ ઉલ્લેખ નથી તેમ છતાં લોકસભામાં અનુચ્છેદ-૧૧૨ અને ૨૦૪ અંતર્ગત રજૂ કરાય છે આ બંને અનુચ્છેદ સામાન્ય બજેટ સાથે સંકળાયેલ છે.

**(૨) BCCIની પસંદગી સમિતિ**

- તાજેતરમાં બીસીસીઆઇની ૮૭મી વાર્ષિક સામાન્ય સભામાં નવી પસંદગી સમિતિની જાહેરાત કરાઇ
- પાંચ સભ્યોની આ સમિતિમાં ચેરમેન પદે આંધ્રપ્રદેશના એમએસકે પ્રસાદની નિયુક્તિ કરાઇ છે
- અન્ય ચાર સભ્યો :
  (૧) ગગન ખોડા (૨) દેવાંગ ગાંધી
  (૩) સરનાદિપ સિંઘ (૪) જતીન પરાંજ્પે
- એમએસકે પ્રસાદ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સંદિપ પાટીલનું સ્થાન લેશે.
- બીસીસીઆઇના સેક્રેટરી હોદ્દા માટે અજયસિર્કેને યથાવત રખાયાત છે તેઓ આ પદ માટે આવેદન આપનારા એકમાત્ર ઉમેદવાર હતા
- તેમજ પૂર્વ ઝડપી બોલર વ્યંકટેશ પ્રસાદને જૂનિયર પસંદગી સમિતિના અધ્યક્ષપદે યથાવત્ રખાયા છે.

**(૩) ઓલ ટાઇમ ઇન્ડિયન ટેસ્ટ ટીમ – વિઝડન :**

- ભારતીય ક્રિકેટ ટીમની ૫૦૦ મી ટેસ્ટની ઉજવણીના ભાગરૂપે ક્રિકેટના બાઇબલ તરીકે ઓળખાતાં વિઝને ભારતીય ટેસ્ટ ઇતિહાસની શ્રેષ્ઠત્તમ ઇલેવનની જાહેરાત કરી.
- હાલમાં ભારત કાનપુર ખાતે તેની ૫૦૦મી ટેસ્ટમેચ ન્યુઝિલેન્ડ વિરૂદ્ધ રમી રહ્યું છે.
- વિઝનની આ ઓલટાઇમ ઇન્ડિયન ટીમમાં કેપ્ટનપદે મહેન્દ્રસિંહ ધોનીને સ્થાન મળ્યું છે.
- વિઝનની ઓલટાઇમ ઇન્ડિયન ટેસ્ટ ઇલેવન :
  ગાવસ્કર, સહેવાગ, દ્રવિડ, તેંડુલકર
  લક્ષ્મણ, કપિલદેવ, ધોની, શ્રીનાથ
  ઝહીર, કુમ્બલે, બેદી
  તેમજ ૧૨માં ખેલાડી તરીકે અઝરૂદ્દીનને સમાવાય છે.

**(૪) રીતુ રાની – હોકી**

- ભારતીય મહિલા હોકી ટીમની ભૂતપૂર્વ કેપ્ટન રીતુ રાનીએ નિવૃત્તી જાહેર કરી.
- રીતુના નેતૃત્વ હેઠળ જ ભારતે ૩૬ વર્ષના ગાળામાં ઓલિમ્પિકમાં માટે ક્વોલિફાય કર્યું હતું. પરંતુ તેનો જ ટીમમાં સમાવેશ કરાયો ન હતો
- હોકી ઇન્ડિયાના પ્રમુખ : નેરેન્દ્ર બત્રા

(૫) પાકિસ્તાની ટેસ્ટ ટીમ પ્રથમ વખત નંબર વન બની :

-

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧